**નવી બાબત સને-૨૦૨૩-૨૪**

**આદિમ જૂથના લોકોના વિકાસ માટે મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **TDD/PTG/e-file/25/2023/0317/CH**

સચિવાલય ગાંધીનગર

તા....../૦૮/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૦/૧૧/૨૦૧૩ના ઠરાવ ક્રમાંક:- પીટીજી/૧૧૧૩/ન.બા.૪૬/ચ

(૨) નિયામકશ્રી(આ.વિ)ના તા. /૦૨/૨૦૨૩ના પત્ર ક્રમાંક:- આ.વિ/અદમ/ફા.નં. /૨૦૨૨-૨૩

(૩) નિયામકશ્રી(આ.વિ)ના તા.૧૦/૦૪/૨૦૨૩ના પત્ર ક્રમાંક:- આ.વિ/ અદમ/ ફા.નં.૮૮૭ /૨૦૨૩/૩૧

***પ્રસ્તાવના:***

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) માં જણાવેલ તા.૨૦/૧૧/૨૦૧૩ના ઠરાવથી આદિમ જૂથના લોકોના સંપૂર્ણ વિકાસ માટે તેમને છ પાયાની સુવિધા આપવા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૧૦ કરોડની નવી બાબતને વહીવટી અને નાણાકીય મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના નિયામકશ્રી(આ.વિ)ના પત્રથી આદિમ જૂથ સમુદાયના સર્વાંગી વિકાસ માટે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના નિયામકશ્રી(આ.વિ)ના પત્રથી આદિમ જૂથ સમુદાયને પાયાની મૂળભૂત સુવિધા પૂરી પાડવા તેમજ તેઓના સર્વાંગી વિકાસ માટે રૂ. ૨૦ કરોડની ચાલુ બાબતના વ્યાપમાં વધારો કરી રૂ. ૪૦ કરોડની નવી બાબતની વહીવટી મંજૂરી અર્થે યોજનાની રૂપરેખા સહિત મોકલી આપેલ હતી. આદિમ જૂથના લોકોનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને સામાન્ય પ્રવાહ સાથે ઝડપથી જોડી શકાય તે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

***ઠરાવ :-***

પુખ્ત વિચારણાને અંતે આદિમ જૂથના લોકોના સંપૂર્ણ વિકાસ માટે તા.૨૦/૦૧૧/૨૦૧૩ના ઠરાવથી અમલીત રૂ. ૨૦ કરોડની ચાલુ બાબતની યોજનાના વ્યાપમાં વધારો કરી નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રૂપિયા રૂ. ૪૦ કરોડની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:

1. **યોજના હેઠળ સમાવેશ કરવાના કામો :**
    1. **વ્યક્તિગત યોજનાઓ**

**(ક) આવાસ :**

1. આદિમજૂથ જાતિના લોકો માટે આવાસ અંગે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ(PMAY-G) યોજના અંતર્ગત આવાસની પ્રતિક્ષા યાદીમાં નામ ધરાવતા કુટુંબને આવાસ પૂરા પાડવા.
2. આદિમજૂથના લાભાર્થીઓનું નામ આવાસની પ્રતિક્ષા યાદીમાં ન હોય તો પણ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ(PMAY-G) યોજનાના ધારાધોરણ ધ્યાને લઈ લાભ આપવાનો રહેશે.
3. લાભાર્થી દ્વારા ૬ માસમાં આવાસ પૂર્ણ કરવામાં આવે તો તેને પ્રોત્સાહક ઈનામ પેટે વધારાની રૂ.૨૦,૦૦૦ સહાય આપી શકાશે.

**(ખ) રોજગારી :**

1. આદિમજૂથ જાતિના લોકોને રોજગારી માટે સ્થાનિક વિસ્તારની જરૂરિયાતો તથા શક્યતાઓને ધ્યાને રાખીને પશુપાલન, વ્યવસાયલક્ષી કૌશલ્ય-વર્ધન, મત્સ્યપાલન વગેરે માટે વ્યક્તિગત તેમજ સામૂહિક ધોરણે સહાય/સાધન અને તાલીમ આ યોજના હેઠળ મંજૂર કરી શકાશે.
2. આદિમજૂથની પરંપરાગત અને સાંસ્કૃતિક કલા કૌશલ્યની જાળવણી અને વિકાસ માટે આ યોજના હેઠળ ફંડ મંજૂર કરી શકાશે.
3. આદિમજૂથના કુટુંબો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશો, ગૌણ વન પેદાશો અને અન્ય કલાકૃતિઓના મૂલ્યવર્ધન અને વેચાણ માટે બજાર વ્યવસ્થાપન અંગેના કામો આ યોજના હેઠળ મંજૂર કરી શકાશે.
    1. **સામુહિક વિકાસના કામો :**

**(ક) રસ્તા :**

1. રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજ્ય ધોરી માર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ (MDR) અને અન્ય જિલ્લા માર્ગ (ODR) રસ્તાઓ સાથે ગામને જોડતા રસ્તાને પ્રથમ અગ્રિમતા આપવી.
2. ગામ અને ફળિયાઓને બારમાસી રસ્તાની સુવિધા વચ્ચે આવતા નદી-નાળાઓ પર નાના પુલ, કોઝવે વગેરે જોડાણના કામો આ યોજના હેઠળ સમાવેશ કરી શકાશે. તેમજ આદિમજૂથના ગામ/ફળિયાને જોડતા રસ્તા વચ્ચે વન વિભાગ હસ્તકના વિસ્તારો આવતા હોય તો વન વિભાગ સાથે સંકલન કરી તેટલા વિસ્તારને જોડવા માટેનું આયોજન આ યોજના હેઠળ સમાવિષ્ટ કરી શકાશે.
3. આદિમજૂથ સમુદાયની વસતી ધરાવતા ગામો/ફળિયાની શાળાઓ, આંગણવાડી, પેટા-આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને જોડતા રસ્તાઓ માટે આ યોજના હેઠળ ફંડ મંજૂર કરી શકાશે.

4. આદિમજૂથ સમુદાયની વસતી ધરાવતા ફળિયાઓના આંતરિક રસ્તાઓનો પણ સમાવેશ કરી શકાશે.

**(ખ) આંગણવાડી બાંધકામ :**

1. નવી આંગણવાડી માટેના બાંધકામ તેમજ જર્જરિત થયેલ આંગણવાડીઓની જગ્યાએ નવી આંગણવાડીના બાંધકામ માટે આ યોજના હેઠળ ફંડ મેળવી શકાશે. આંગણવાડીના કામો માટે રાજ્ય સરકાર દ્વારા નિયત કરેલ ધારાધોરણ અને એસ.ઓ.આર. મુજબ કામગીરી કરવાની રહેશે.
2. જરૂર જણાયે આંગણવાડી માટે પીવાનું પાણી, શૌચાલય, સોલર રૂફટોપના કામોની સુવિધાઓ પણ પુરી પાડી શકાશે. આંગણવાડીમાં રમકડાં, વાસણ અને ખાદ્ય વસ્તુઓ (ફુડ)ના કામો લઈ શકાશે નહી.

**(ગ) આરોગ્ય :**

1. નવા પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે તથા જર્જરિત થયેલ પેટા આરોગ્ય કેન્દ્રના નવા બાંધકામ માટેના કામો માટે આ યોજના હેઠળ ફંડ મેળવી શકાશે તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મરામત માટેના કામો માટે આ યોજના હેઠળ ફંડ મંજૂર કરી શકાશે.
2. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્રમાં અદ્યતન સુવિધા પ્રાપ્ત થાય તે માટે માળખાકીય સુવિધાઓ, તબીબી સાધનો અને ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે.

**(ઘ) શિક્ષણ :**

1. ગામોમાં જરૂર જણાય ત્યાં નવી શાળાઓ માટે મકાન બાંધકામ કરવા તેમજ શાળાઓના ખૂટતા ઓરડાઓના બાંધકામ માટે આ યોજના હેઠળ ફંડ મંજૂર કરી શકાશે.
2. શાળાઓમાં પીવાના પાણીની સુવિધાના કામોનો પણ આ યોજના હેઠળ સમાવેશ કરી શકાશે.
3. શાળાઓમાં શૌચાલયની નવી સુવિધા ઊભી કરવા તથા હયાત સુવિધાઓના મરામતના કામો આ યોજના હેઠળ મંજૂર કરી શકાશે, જેમાં કન્યાઓ માટેના શૌચાલયની સુવિધાને અગ્રિમતા આપવાની રહેશે.
4. પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન માટે શેડ બનાવવાની જરૂર જણાય તો તેનો આ યોજના હેઠળ સમાવેશ કરી શકાશે.
5. શાળાઓમાં કમ્પાઉન્ડ વોલના કામોનો પણ આ યોજના હેઠળ સમાવેશ કરી શકાશે.

**(ચ) દૂધ ઘર :**

1. પશુપાલન સાથે સંકળાયેલ લોકો દૂધ ભરાવી શકે તે હેતુથી નવા દૂધ ઘર બનાવવા માટે આ યોજનામાંથી ફંડ મંજૂર કરી શકાશે. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવતા દૂધ ઘરોના સંચાલન માટેની મંડળીમાં આદિમજૂથ સમુદાયના ૩૦ ટકા લોકોને સભાસદ તરીકે રાખવાના રહેશે.
2. જે ગામ કક્ષાની દૂધ મંડળીમાં આદિમજૂથ સમુદાયના ૩૦ ટકા સભાસદો હોય તે મંડળીઓની ભૌતિક સુવિધા વિકસાવવા માટેના કામો આ યોજના હેઠળ મંજૂર કરી શકાશે.
3. આદિમજૂથ સમુદાયની વસતી ધરાવતા ગામો/ફળિયાઓમાંથી દૂધ એકત્રિત કરવા માટે ૫૦૦૦ લીટર સુધીના મીની ચીલીંગ સેન્ટરોની સ્થાપના માટે આ યોજના હેઠળ ફંડ ફાળવી શકાશે.

**(છ) મલ્ટીપર્પઝ યુટિલિટી સેન્ટર :**

1. આદિમજૂથ સમુદાયની વસતી ધરાવતા વિસ્તારોમાં વિવિધ હેતુઓ જેવા કે સાંસ્કૃતિ પ્રવૃતિઓ, વ્યવસાયલક્ષી પ્રવૃતિઓ વગેરે માટે ઉપયોગમાં લઇ શકાય તેવા કેન્દ્રો ઉભા કરવા માટે આ યોજનામાંથી ફંડ મંજૂર કરી શકાશે. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવતા મલ્ટીપર્પઝ યુટિલિટી સેન્ટરોનું સંચાલન તથા નિભાવણી, સંબંધિત ગ્રામ પંચાયતે કરવાની રહેશે.

**(જ) વીજળીકરણ :**

1. આદિમજૂથ સમુદાયના કુટુંબના દરેક ઘરમાં વીજળીકરણ કરવું.
2. આદિમજૂથ ફળિયામાં સ્ટ્રીટલાઇટ માટે આ યોજના હેઠળ લાભ આપી શકાશે.

**(ઝ) ઇકો ટુરિઝમ :**

1. આદિવાસી વિસ્તારના પર્યટન સ્થળો પર ઇકો ટુરિઝમનો વિકાસ કરી આદિમજુથના લોકો માટે રોજગારી ઊભી થાય તે પ્રકારના કામો આ યોજના હેઠળ મંજૂર કરી શકાશે.

ઉકત સૂચિત કરેલ કામો ઉપરાંત આદિમજૂથના કુટુંબો અને ગામ/ફળિયાની જરૂરિયાત માટે કરવામાં આવેલ ગેપ એનાલિસિસ હેઠળ અન્ય કોઈ જરૂરિયાત ધ્યાને આવેલ હોય તો તે કામોનો આયોજનમાં સમાવેશ અને મંજૂર કરવાની સત્તા રાજય કક્ષાની સમિતિની રહેશે.

1. **<u>યોજના હેઠળ આયોજન અને મંજુરી :</u>**
   1. **<u>જિલ્લા કક્ષાની સમિતિ :</u>**

સદર યોજના હેઠળ ઉપર દર્શાવ્યા મુજબના કામોની દરખાસ્ત સંબંધિત જિલ્લા કક્ષાએથી નીચે મુજબની જિલ્લા માર્ગદર્શન સમિતિ ચકાસણી કરી ભલામણ સહ રાજ્યસ્તરે મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે. જિલ્લા સમિતિની રચના નીચે મુજબ કરવાની રહેશે:

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૩ | પ્રાયોજના વહીવટદારશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૪ | દરખાસ્તના કામો મુજબ સબંધિત વિભાગના જિલ્લા અધિકારીશ્રી | આમંત્રિત સભ્યશ્રી |

-

1. **રાજ્ય કક્ષાની સમિતિ :**

યોજના હેઠળના કામોના વાર્ષિક આયોજનના મંજુરી માટે નીચે મુજબની સમિતિની રચના કરવાની રહેશે :

| | | |
|---|---|---|
| ૧. | અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨. | નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા, ગાંધીનગર | સભ્ય |
| ૩. | મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી.સેગ | સભ્ય |
| ૪ | માર્ગ અને મકાન વિભાગના પ્રતિનિધિ (ઓછામાં ઓછા નાયબ સચિવશ્રી કક્ષાના) | સભ્ય |
| ૫. | નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ | સભ્ય |
| ૬. | સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી | સભ્ય |
| ૭. | સંયુક્ત કમિશનરશ્રી | સભ્ય સચિવશ્રી |

1. **યોજનાની અન્ય શરતો :**

યોજના હેઠળ મંજૂર કરવામાં આવતા કામોના અમલીકરણ માટે નીચે દર્શાવેલી શરતોનું ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે :

1. આ યોજના હેઠ્ળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઈપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
2. આ યોજનાની અમલવારી જિલ્લા કક્ષાએ સંબંધિત જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા રાજ્ય કક્ષાએ નિયામક, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત કરાવવાની રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે, પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછી જ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
6. નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે-તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૩૧/૦૭/૨૦૨૩, નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આદિત્ય આર દેસાઇ)

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

Signature Not Verified
Signed by: Aditya Desai
Section Officer
Date: 2023.08.03 17:37:57 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી, (આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી, (આ.વિ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.વિ.વિ)ના અગ્રઅંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(સંકલન)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી(આ.વિ)બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ,બિરસા મુંડા ભવન, ગાંધીનગર.
- સર્વે સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રી (નિયામકશ્રી(આ.વિ) મારફત).
- સર્વે સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી (નિયામકશ્રી(આ.વિ) મારફત).
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી (આ.વિ) (નિયામકશ્રી(આ.વિ) મારફત).
- સંયુક્ત કમિશનરશ્રી(આદિમજૂથ), બિરસા મુંડા ભવન, ગાંધીનગર(નિયામકશ્રી(આ.વિ) મારફત).
- આદિજાતિ વિકાસ અધિકારી, તલાલા, બગોદરા ( નિયામકશ્રી(આ.વિ) મારફત).
- સિસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી. આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય ગાંધીનગર (પ્રસિધ્ધિ અર્થે).
- નાયબ સેકશન અધિકારી (સિલેક્ટ ફાઈલ).
- સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Aditya Desai
Section Officer
Date: 2023.08.03
17:37:57 +05:30